# કાવ્ય સંગ્રહ

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## શ્રી લાલજીભાઇ બી. પંચાલ.




મો - 9427323046

## મ. શિક્ષક.



## શ્રી હાથીપુરા પ્રા. શાળા.

## તા- પાટડી , જિ- સુરેન્દ્રનગર.

લાલજીભાઇ પંચાલ હાથીપુરા.

## દઇશ

ચકલી તે ચાંચ મહી લાવી તલખણું
નીડ એને બાંધવા દઇશ.
કાગડો લાવ્યો છે પૂરીનું બટકું
નિરાંતે ખાવા હું દઇશ.
નાની આ બાલદી પાણી ભરેલ છે,
કાબરને ના’વા હું દઇશ.
પેલી અટારીએ બેસે જો પોપટો
મીઠું મીઠું બોલવાનું કહીશ.
ગાદલું પડ્યું છી આ પહોળા પલંગમાં,
બિલ્લીને પોઢવા હું દઇશ.
મારી સંગાથે પેલાં ડાઘિયાને તેડીને
બાગ મહી ફરવાને જઇશ.
મારા જો આંગણામાં ગાવલડી આવશે,
મમ્મીની લાડુડી દઇશ.
કોઇ રે મદારી જો રીંછ લઇ આવશે,
પપ્પાની પાવલી હું દઇશ.

- ચંદ્રકાંત શેઠ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

ઊંટ કહે...

ઊંટ કહે " આ સમામાં વાંકાં અંગવાળા, ભૂંડા
ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે".

બગલાંની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી ,
કૂતરાંની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.

વારણની સૂંઢ વાકી, વાઘનાં છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકા, શિંગડાંનો ભાર છે.

સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ ,
"અન્યનું તો એક વાકું, આપનાં અઢારછે."

- દલપતરામ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# કૂકડાંનું ગીત.

અમે તો સૂરજનાં છડીદાર,

અમે તો પ્રભાતનાં પોકાર.

અમે તો સૂરજ નાં .....

સૂરજ આવશે સાત ઘોડલે અરુણ રથ વ્હાનાર !

આગે ચાલે બંદી બાંકો, પ્રકાશ ગીત ગાનાર !

અમે તો સૂરજ નાં .....

નીંદરને પારણીએ  ઝૂલે  ધરા પડી સૂનકાર !

ચાર દિશાનાં કાન ગજાવી, જગને જગાડનાર !

અમે તો સૂરજ નાં .....

પ્રભાતનાયે  પ્રથમ પહોરમાં, ગાન અમે ગાનાર !

ઊંઘ ભરેલા સર્વ પોપચે, જાગૃતિ-રસ પાનાર !

અમે તો સૂરજ નાં .....

જાગો, ઊઠો !  ભોર થઇ છે, શૂરા બનો તૈયાર !

સંજીવનનો મંત્ર અમારો , સકલ વેદનો સાર !

અમે તો સૂરજ નાં .....

- કૃષ્ણલાલ શ્રીધરાણી

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

ચરણોમાં...

ઉગમણે આભમાં રેલાયા રંગ,
ચરણોમાં ચાલવાનો ઉછળે ઉમંગ.

પંખીની પાંખમાં , નાનકડી ચાંચમાં.
લહેરે છે વગડાંને ઝરણાંનાં ગાન,
ચોપાસે પહાડ નદી ઊઘડે મેદાન,
કલ્પનાને દોર સરી જાઊં એની સંગ,
ચરણોમાં ચાલવાનો ઊછડે ઊમંગ.
ઉગમણે આભમાં.......

દૂર અને પાસમાં, લીલેરાં ઘાસમાં.
ધરતીની મહેંક પીતો વાયુ ચકચૂર,
ઝાકળમાં ઝીણેરાં કિરણોનાં સૂર
મન એમાં આળોટે મારી છલંગ,
ચરણોમાં ચાલવાનો ઊછડે ઊમંગ.
ઉગમણે આભમાં......

- યોસેફ મેકવાન.

લાલજીભાઈ પંચાલ. હાથીપુરા.

## એક જ ડાળનાં પંખી..

એક જ ડાળનાં પંખી.

અમે સહું  એક જ ડાળનાં પંખી.

વિહરીએ કભી આભમાં ઊંચે,
ઊડી-ઊડી કદી આવીએ નીચે,
કિલ્લોલ કરતાં રહેતાં ઉમંગી..

એક જ ડાળનાં પંખી..

સુખમાંને દુ:ખમાં સાથે જ રહીએ,
લડીએ વઢીએ કદી જુદાં જ થઇએ,
તોયે નિરંતર રહેતાં સંપી...

એક જ ડાળનાં પંખી..

ધરતીને ખોળે બાળ અમે સહું ,
કરીએ કુદરત ગાન અમે સહું,
જીવન કેરાં પ્રવાસનાં સંગી..

એક જ ડાળનાં પંખી..

- શાંતિલાલ શાહ

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

મારો છે મોર..

મારો છે મોર, મારો છે મોર..

મોતી ચરંતો મારો છે મોર.

મારી છે ઢેલ મારી છે ઢેલ ,

મોતી ચરંતી મારી છે ઢેલ.

મારો છે મોર મારો છે મોર, ડાળોમાં બેસનાર મારો છે મોર,

મારી છે ઢેલ મારી છે ઢેલ, ડાળોમાં બેસનાર મારી છે ઢેલ.

મારો છે મોર મારો છે મોર, રાજાનો માનીતો મારો છે મોર,

મારી છે ઢેલ મારીછે ઢેલ, રાણીની માનીતી મારી છે ઢેલ

બોલે છે મોર બોલે છે મોર, સોનાને ટોડલે બોલે છે મોર

બોલે છે ઢેલ બોલે છે ઢેલ, રૂપાને ટોડલે બોલે છે મોર.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# કરોળિયો

કરતાં જાળ કરોળિયો ભોંય પડી ગભરાય,

વણતૂટેલે તાંતણે ઉપર ચડવા જાય..

મહેનત એણે શરૂ કરી ઉપર ચડવા માટે

પણ પાછો હેઠે પડ્યો, ફાવ્યો નહિ કો'ઘાટે.

એ રીતે મંડ્યો રહ્યો, ફરી-ફરી બે-ત્રણ વાર,

પણ એમાં નહિ ફાવતાં ફરી થયો તૈયાર.

હિંમત રાખી હોંશથી ભીડ્યો છઠ્ઠીવાર ,

ધીરજથી જાળે જઇ  પહોચ્યો એ નિર્ધાર.

ફરી-ફરીને ખંતથી યત્ન કર્યો નહિ હોત,

ચગદાઇને પગ તળે મરી જાત વણમોત.

એ રીતે જો માણસો રાખી મનમાં ખંત,

આળસ તજી મહેનત કરે પામે લાભ અનંત.

- કવિ  દલપતરામ.

લાલજીભાઇ પંચાલ.હાથીપુરા.

# નહિ જ

કડવી વાણી વદીએ નહીં

ખોટું કદીએ કહીએ નહીં.

સંગ નઠારે ફરીએ નહીં

હોય અન્યનું હરીએ નહીં

ઝઘડા ટંટા કરીએ નહીં

અંદર-અંદર લડીએ નહીં

જ્યાં પોતાની ભૂલ થઇ ગઇ

સૉરી કહેતાં ડરીએ નહીં

પગલું ખોટું ભરીએ નહીં

રસ્તે જાતાં નડીએ નહીં

હોય કોઇનું લઇએ નહીં

લઇને રાજી થઇએ નહીં

- મહેન્દ્ર ત્રિવેદી.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

ઇશ્વર સર્વવ્યાપી છે.

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ,
ઘાસચારાની પાસ પણ, વિશ્વપતિનો વાસ.

ભોં માં પેસી ભોંયરે, કરીએ કાંઇક વાત
ઘડીએ મનમાં ઘાટ તે, જાણે જગતનો તાત.

ખાલીજગ્યા ખોળે, કણી મૂકવા કામ
ક્યાંય જગકર્તા વિના, ઠાલુ ન મળે ઠામ.

- કવિ દલપતરામ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# હું રે બનું બહેન

હું રે બનું બહેન ! વાડી નો મોરલો

આંબાની કોયલ તું થા રે બહેન !

તું મારી બહેન ને , હું તારો ભાઇ !

હું રે બનું બહેન ! રુડો ડોલરિયો,

મીઠી ચમેલડી તું થા રે બહેન !

તું મારી બહેન ને, હું તારો ભાઇ !

હું રે બનું બહેન ! બાપાનો ડગલો

બાપુ ની લાકડી તું થારે બહેન !

તું મારી બહેન ને , હું તારો ભાઇ !

હું રે બનું બહેન ! બાનો ઘડુલો

બાની ઇંઢોણી તું થા રે બહેન !

તું મારી બહેન ને, હું તારો ભાઇ !

હું રે બનું બહેન ! બાપુ નો રેંટિયો

બાપુ ની પીંજણ તું થા રે બહેન !

તું મારી બહેન ને ,હું તારો ભાઇ !

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

- સુન્દરમ

## ધૂળિયે મારગ

કોણે કીધું ગરીબ છીએ ? કોને કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આંપણાં જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે , થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બેન્ક બેઠી છે, આપણી માલંમાલ
આજનું ખાણું આજ આપેને કાલની વાતો કાલ
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણાં જેવો સાથ,
સુખદુ:ખોની વાર્તા કે'તાં, બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખે-પડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યા આવો છે લાભ ?
સોનાની તો સાંકળી ગલી, હેતું ગણતુ હેત,
દોઢિયા માટે દોડતાં એમાં જીવતાં જોને પ્રેત !
માનવી ભાળી અમથું-અમથું આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં ધૂળિયે મારગ ચાલ.

- મકરંદ દવે.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## ગરજ કોને ?

ગરજ હોય તો આવ ગોતવા,

હું શીદ આવું હાથ હરિ !

ગેબ તણી સંતાકૂકડીમાં,

દાવ તમારે શિર હરિ !

કાળાન્તરથી દોડી રહ્યા છો,

તોય ના ફાવ્યાં કેમ હરિ ?

સૂફીઓને સખી-ભક્તો,

ભૂલ્યાં વલવલિયા સહું વ્યર્થ હરિ !

સનમ સનમ કહીને કોં રઝળ્યાં,

કોઇ કોઇ પીયું પીયું કરી સાદ હરિ !

લખ ચોરાશીને ચકરાવે,

ભમી-ભમી ઢૂંઢણહાર હરિ !

ડાહ્યો થઇ કાં દાવ પૂરો દે ,

કાં તો હાર સ્વીકાર હરિ !

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## ખમ્મા વીરાને !

ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ,
મોંઘો મૂલો છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ...
એક તો સુહાગી ગગન ચાંદ્લો રે લોલ.
બીજો સુહાગી મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ...
રાજ તો વીરાજે રાજમંદિરે રે લોલ !
પારણે વિરાજે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ...
ચંપો ખીલે છે ફૂલવાડીમાં રે લોલ !
ફૂલમાં ખીલે છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ..
આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ .
ઘરમાં ઉજાસ મારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ...
એક તો આનંદ મ્હારા ઉરનો રે લોલ.
બીજો આનંદ મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ...
દેવે દીધી છે મ્હને માવડી રે લોલ.
માડીએ દીધો છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ,

- ન્હાનાલાલ કવિ

લાલજીભાઈ પંચાલ. હાથીપુરા.

## અસ્થિર કદમ

કદમ અસ્થિર હો એને,
કદી રસ્તો નથી જડતો ,
અડગ મનનાં મુસાફરને ,
હિમાલય પણ નથી નડતો.

તમારા મનને જીતી લો ,
તો હું માનું ‘સિકંદર’ છો,
નહિતર દિગ્વિજય કરવામાં,
શ્રમ નથી પડતો.

સદા સંસારીઓ પર શાપ છે,
સંતાપ સહેવાનો
ધરાથી દૂર ઉડનારાંને,
પડછાયો નથી નડતો.

- શૂન્ય પાલનપુરી

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# કાળની કેડીએ

કાળની કેડીએ ઘડીક સંગ ,

ભાઇ આપણો ઘડીક સંગ !

'આતમ' ને તોય જનમો-જનમ

લાગી જશે એનો રંગ !

ધરતી આગળ માનવીનાં, આ ઘડીક મિલનમેળાં

વાટમાં વચ્ચે એક'દિ નક્કી આવશે વિદાય વેળાં !

તોય કેમે કરીને કાળ ભૂલેનાં એમ ભમીશું ભેળાં,

હૈયાનો હેમાળો ગાળીને વહાવશું હેતની ગંગ !

કંટક પંથે સ્મિત વેરીને મહોરશું ફૂલની ક્યારી,

એકબીજાને જીતશું રે ભાઇ જાતને જાશુ હારી !

ક્યાંય ના માય એટલો આજ ઉરને થાય ઉમંગ.

- નિરંજન ભગત.

લાલજીભાઇ પંચાલ.હાથીપુરા.

## કાલે...

નાના અમથા આજ ભલે ને ,
કાલે મોટાં થાશું...
અમે તો ગીત ગુલાબી ગાશું...

કળીનાં-કળીનાં ફૂલ થાયને, બુંદ-બુંદનો દરીયો,
નાની અમથી બીજ ચમકતી આભે થઇ ચાંદલીયો.
મસ્ત થઇને અજાણ પંથે અમે એકલાં જાશું..
અમે તો ગીત ગુલાબી ગાશું...

નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો !
એવાં મોટા થઇશું કે , નહિ જડે અમારો જોટો !
હશે હોઠ પર સ્મિત આંખમાં, કદી હોય નહીં આસું.
અમે તો ગીત ગુલાબી ગાશું...

- સુરેશ દલાલ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

નાનો-મોટો

તું નાનો હું મોટો એવો ,
ખ્યાલ જગતનો ખોટો.
આ નાનો આ મોટો એવો ,
મૂરખ કરતાં ગોટો !

ખારા જળનો દરિયો ભરીયો ,
મીઠા જળનો લોટો.
તરસ્યાંને તો દરિયાથી યે,
લોટો લાગે મોટો.

નાના છોડે મહેકી ઉઠે ,
કેવો ગુલાબ ગોટો.
ઊંચા નીચા ઝાડે તમને ,
જડશે એનો જોટો.

મન નાનું તે નાનો ,
જેનું મન મોટું તે મોટો.

લાલજીભાઈ બી.પંચાલ. હાથીપુરા.

- પ્રેમશંકર ન. ભટ્ટ.

ગમતું મળે

ગમતું મળે તો અલ્યા ગૂંજે ના ભરીયે,

ને ગમતાંનો કરીએ ગુલાલ.

આંડા દે આંક એતો ઓશિયાળી આંગળી,

પંડમાં સમાય એવી પ્રિતી તો પાંગળી.

સમદરની લ્હેર લાખ સુણી ક્યાંય સાંકળી ?

ખાડા ખાબોચિયાને બાંધી બેસાય આતો

વરસે ગગન ભરી વ્હાલ...

ગમતાં નો કરીએ ગુલાલ.

ગાંઠે ગરથ બાંધી ખાટી શું જીંદગી ?

સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?

આવે તે આપ કરી પળમાં પસંદગી,

મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી ને

વેર્યે ફોરમનો ફાલ. .

ગમતાંનો કરીએ ગુલાલ.

આવી મળ્યું તે દઇશું આંસુંડે ધોઇને,

ઝાઝેરું જાળવ્યું તે વ્હેલેરું ખોઇને

આજ પ્રાણ જાગે તો પૂછ્યું શું કોઇને ?

માધવ વેચંતી વ્રજનારીની સંગ તારા

રણકી ઊઠે કરતાલ.

ગમતાંનો કરીએ ગુલાલ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

થોડોક બાવળને આવ્યો કંટાળો,

ઓફીસમાં બોલાવી સુગરીને પૂછ્યું'

કેટલોક બાકી છે હજી માળો ?

સુગરી કહે : ' સાહેબ ! પોતાનું ઘર છે '

કંઇ બિલ્ડરની જેમ થોડું બાંધીએ ?

એક-એક તણખલાંની રાખીએ ડીટેલ

એને જાતમાં પરોવીને બાંધીએ.

વ્હાલસોયા બચ્ચાંનો હોય છે સવાલ

એમાં સહેજેના ચાલે ગોટાળો .

થોડોક બાવળને આવ્યો કંટાળો,

ધોધમાર ધોધમાર વરસે વરસાદ

તોય છાંટાની લાગે ના બીક

ફ્લેટની દિવાલને ધાબા જોયા છે,

એક ઝાપટાંમાં થઇ જતાં લીક

રેતી-સિમેન્ટમાં હેત જો ભળેને ,

તો જ બનતો આ માળો.

થોડોક બાવળને આવ્યો કંટાળો,

કૉલેટી માટે ધીરજ તો જોઇએ ને ?

બાવળ કહે ' ભાઇ ઓકે. '

ચોમાસું માથે છે એટલે કહ્યુંક જરા

જાવ હવે કોઇ નહી રોકે,

ખોટું ના લાગે તો એક વાત કહી દઉં કે

આ ઊંધા લટકીને પ્લાસ્ટર કરો છો તેમાં

થોડીક શરમાય છે આ ડાળો.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## મને એ જ સમજાતું નથી.

મને એ જ સમજાતું નથી , કે શાનું આવું થાય છે ?
ફુલડાં ડૂબી જતાંને , પથ્થરો તરી જાય છે. !
ટળવળે તરસ્યાં ત્યહાં, જ્યાં વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ, મુશળધાર વરસી જાય છે. !
ઘર વીણાં ઘૂમે હજારો, ઠોકરાતાં ઠેર-ઠેર ,
ને ગગન ચુંબી મહેલો જનસૂના રહી જાય છે. !
દેવડીએ દંડ પામે ચોર મુઠ્ઠી જારનાં ,
લાખ ખાંડી લૂટનારા મહેફિલે મંડાય છે.!
કામધેનુંને ના મળે , એક સૂકું તણખલું,
ને લીલાંછમ ખેતરો સૌ આખલાં ચરી જાય છે. !
છે ગરીબોનાં કૂબામાં, તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘી નાં દીવા થાય છે.!

- કરશનદાસ માણેક

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

તરુનો બહુ આભાર.

તરૂંનો બહુ આભાર , જગત પર તરુનો બહું આભાર.

ફૂલો આપે, ફળ બહું આપે,

ગાડે-ગાડાં બી પણ આપે,

છાયાને વિસામો આપે,

પંખીનો મોટો આધાર...

જગત પર તરુનો બહું આભાર.

કાપો તોય કોપ ન કરતું,

સુકાઇ જાતે બળતણ દેતું,

ઇમારતોનું લાકડું દેતું,

ઘરનો રાચ સંભાર ...

જગત પર તરુનો બહું આભાર.

કઠિયારાની એ પર રોજી,

સુથારની એ મોટી પૂંજી,

પૃથ્વી માટે વાદળ ખેંચી,

વરસાવે છે જળની ધાર...

જગત પર તરુનો બહું આભાર.

તરુઓની શિખામણ એવી,

સૌ જીવોની સેવા કરવી,

તડકો વેઠી છાયા દેવી,

કરવો પર-ઉપકાર ...

જગત પર તરુનો બહું આભાર.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# બેટો

તારો હું માં બેટો જ્યારે , બનીશ મર્દ મોટો,
ઘરધંધો કરતાં તુજને,  થાક ન ચડશે ખોટો.

મારાં નોકર-ચાકર એ સૌ,  ઘરનો ધંધો કરશે.
તું તારે હિંડોળે ઝૂલી,  આ કર તે કર કરજે.

દેવસેવાની ફૂલ છાબમાં , સૂકાં પર્ણો જોઇ,
તે વેળા નહિ માડી તારે , રહેવું પડશે રોઇ.

દેવદ્વારેથી પાછા ફરતાં માગણ હાથ પસારે,
અચકાતાં ખચકાતાં તારે, પાઇ ના દેવી ત્યારે.

ઘરવાડીનાં ગુલાબ-ગોટા, પારિજાત ચમેલી,
જાતજાતનાં રંગરંગનાં , ચડાવજે મન મેલી.

- ચંદ્રકાન્ત પંડ્યા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

ચકડોળ

ધૂળનું ઢેકું , પ્રભુંને કહેતું ,
ઝટ મારે ફૂલ બનવું જી !
ફૂલને બનવું ઝટ ચાંદરડું,
ગગને પાંખ ઉછાળે જી !
કહે ચાંદરડું અહીં શીદ રઝળું,
જઇ સઘળું જન-મનમાં જી !
જન-મન નાનું તલશે છાનું,
પરમેશ્વર બનવાનું જી !
પરમેશ્વરને પાછાં જઇને ,
અવતરવું ધૂળ ઢેકું જી. !
સૌનાં મનની આશાઓનો ,
ફરતો આ ચકડોળો જી !

- ઝવેરચંદ મેઘાણી.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

વા વા વંટોળિયા !

વાયરા વનવગડાંમાં વાતાં'તાં..

વા વા વંટોળિયા !

હાં રે અમે ગાડામાં બેસીને જાતા'તાં..

વા વા વંટોળિયા !

ગાડા દોડે, ઘૂઘરા બોલે,

બળદ કેરાં શિંગડા ડોલે..!

હાં રે અમે એક સાથ-સાથ મળી ગાતાં'તાં

વા વા વંટોળિયા !

ધોમ ધખેલો આભ તપેલો,

ગરમી કેરી ગાર લીંપેલો.

હાં રે અમે ઊની ઊની લૂ મહીં નાતાં'તાં..

વા વા વંટોળિયા !

- જગદીપ વીરાણી.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# બીજી નિશાળ

બીજી નિશાળ દે મા મને ગોતી,
બે'ન મારી મોટી તે મારે છે સોટી.

ગણીને દાખલાની નોટ ભરી મોટી,
તોયે તો દાખલાની નોટ નથી જોતી.

વાપરવી ગાઇડ એ ટેવ છોરાં ખોટી,
ને  પોતે તો દાખલાંની રીત એમાં જોતી.

મારવામાં ચોકનું નિશાન નહિં જોતી,
અને પછી કહીં દે , ચોક દો ગોતી.

મારે એ તો ઠીક પણ, હોઉં હું રોતી,
તો તારી જેમ વ્હાલ કરી આંખ નહીં લ્હોતી.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

સદાકાળ ગુજરાત

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત.
જ્યાં જ્યાં વસે એક....

ઉત્તર-દક્ષિણ પૂર્વ કે પશ્ચિમ, જ્યાં ગુર્જરનો વાસ.
સૂર્ય તણાં કિરણો દોડે ત્યાં, સૂર્ય તણો જ પ્રકાશ.
જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત.. !
જ્યાં જ્યાં વસે એક...

ગુર્જર વાણી , ગુર્જર લ્હાણી, ગુર્જર શાણી રીત.
જંગલમાં પણ મંગલ કરતી ગુર્જર ઉદ્યમ પ્રિત.
જેને ઉર ગુજરાત હુલાતી, તેની સુરવને તુલ્ય મિરાત..
જ્યાં જ્યાં વસે એક....

કૃષ્ણ દયાનંદ દાદા કેરી, પુણ્ય વિરલ રસભોમ.
ખંડ-ખંડ જઇ ઝૂઝે ગર્વે , કોણ જાતને કોમ !
ગુર્જર ભરતી ઉછળે છાતી, ત્યાં રહે ગરજી ગુર્જર માત.
જ્યાં જ્યાં વસે એક....

અણકીધાં કરવાનાં કોડે , અધૂરાં પૂરાં થાય..
સ્નેહ શૌર્યને સત્ય તણાં, વૈભવ રાસ રચાય.
જય જય જન્મ સફળ ગુજરાતી, જય જય ધન્ય અદલ ગુજરાત.
જ્યાં જ્યાં વસે એક....

- કવિ ખબરદાર

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

મને કેમ વીસરે રે !

પછી શામળિયોજી બોલિયા તને સાંભરે રે ?

હા જી નાનપણાંની પેર , મને કેમ વીસરે રે !

આપણ બે મહિના પાસે રહ્યાં, તને સાંભરે રે ?

હા જી સાંદિપની ઋષિને ઘેર, મને કેમ વીસરે રે !

અન્ન ભિક્ષા માગી લાવતાં, તને સાંભરે રે ?

હા જી જમતાં ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે !

આપણ સૂતા એક સાથ રે , તને સાંભરે રે ?

સુખદુ:ખ ની કરતાં વાત, મને કેમ વીસરે રે !

પાછલી રાતનાં જાગતાં, તને સાંભરે રે ?

હા જી કરવા વેદની ધુન્ય, મને કેમ વીસરે રે !

ગુરુ આપણાં ગામે ગયાં, તને સાંભરે રે ?

હા જી જાચવા કોઇ ભૂપ, મને કેમ વીસરે રે !

કામ કીધું ગોરાણીએ, તને સાંભરે રે ?

કહ્યું લેઇ આવોને કાષ્ઠ, મને કેમ વીસરે રે !

સ્કંધે કુહાડા ધર્યા, તને સાંભરે રે ?

ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે !

આપણે વાદ વદ્યા ત્રણે બંધવા, તને સાંભરે રે ?

હા જી ફાટ્યું મોટું ખોડ , મને કેમ વીસરે રે !

ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ?

હા જી આવ્યાં બારે મેહ, મને કેમ વીસરે રે !

શીતળ વાયું વાયો ઘણો, તને સાંભરે  રે ?

ટાઢે થરથર ધ્રુજે દેહ, મને કેમ વીસરે રે  !

નદીએ પૂર આવ્યું ઘણું, તને સાંભરે  રે ?

ઘન વરસ્યો મુશળધાર, મને કેમ વીસરે રે  !

એ કે દિશા સૂઝી નહીં , તને સાંભરે  રે ?

થયા વીજ તણાં ચમકાર , મને કેમ વીસરે રે  !

ગુરુજી ગોતવાં નીસર્યાં , તને સાંભરે  રે ?

કહ્યું સ્ત્રીને કીધો તેં  કેર , મને કેમ વીસરે રે  !

આપણને હર્દયાશું ચાપિયાં, તને સાંભરે  રે ?

પછી તેડીને આવ્યાં ઘેર , મને કેમ વીસરે રે  !

ગોરાણી ગૌ દોહતાં હતાં , તને સાંભરે  રે ?

હતી દોણી માગ્યાંની ટેવ, મને કેમ વીસરે રે  !

મેં નિશાળેથી કર વધારિયો, તને સાંભરે  રે ?

હા જી લીધી દોણી તતખેવ, મને કેમ વીસરે રે  !

ગુરુદક્ષિણામાં માગિયું,  તને સાંભરે  રે ?

હા જી મૃત્યું પામ્યો જે કુમાર, મને કેમ વીસરે રે  !

પુત્ર ગોરાણીને આપિયો , તને સાંભરે  રે ?

હા જી પછે થયાં વિદાય, મને કેમ વીસરે રે  !

આપણે તે દિનથી જુદા પડ્યાં, તને સાંભરે  રે ?

હા જી ફરીને મળ્યાં આજ , મને કેમ વીસરે રે  !

- પ્રેમાનંદ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# લે ને તારી લાકડી

લે ને તારી લાકડીને , લેને તારી કામળી,
વાછરું ચરાવવા નહીં જાઉં માવલડી.

માખણ તો બાળભદ્રે ખાધું ,
અમને આપી ખાટી છાશલડી ..
લે ને તારી લાકડી..
વૃંદાવનને મારગ જાતાં ,
પગમાં ચૂભે છે ઝીણી કાંકરડી.
લે ને તારી લાકડી..
દાદુર , મોર, બપૈયા બોલે ,
ખીજવે છે કહી કાળી કરશનડી..
લે ને તારી લાકડી..
મીરાં કહે પ્રભું ગિરધરનાં ગુણ ,
ચરણ કમળ ચિત્ત રાખલડી..
લે ને તારી લાકડી..

- મીરાંબાઇ

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

જય જય ગરવી ગુજરાત !

જય જય ગરવી ગુજરાત !

દીપે અરુણું પરભાત !

ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી ,પ્રેમ શૌર્ય અંકિત,

તું ભણવ ભણવ નિજ સંતતિ સહુંને પ્રેમભક્તિની રીત;

ઊંચી તુજ સુંદર જાત ,

જય જય ગરવી ગુજરાત !

ઉત્તરમાં અંબામાત ,

પૂરવમાં કાળીમાત ,

છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,

ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ;

છે સહાયમાં સાક્ષાત,

જય જય ગરવી ગુજરાત !

નદી તાપી નર્મદા જોય ,

મહીને બીજી પણ જોય,

વળી જોય સુભટનાં જુધ્ધરમણને રત્નાકર સાગર,

પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર ;

સંપે સોહે સૌ જાત,

જય જય ગરવી ગુજરાત !

તે અણહિલવાડનાં રંગ,

તે સિધ્ધરાજ જયસિંગ;

તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !

શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે , વીતી ગઇ છે રાત.

જન ઘૂમે નર્મદા સાથ,

જય જય ગરવી ગુજરાત !

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

મંઝિલ દૂર નથી

જાગ, હવે તું જાગ મુસાફર !

ચાલ , કે મંઝિલ દૂર નથી..

વાટ જુએ છે શમણાં તારાં ,

ચાલ , કે મંઝિલ દૂર નથી..

મળે મારગે એનો ભેરું !

કરજે ભાઇચારો,

દશે દિશામાં ભીનોભીનો

શ્વાસ ભરી દે તારો,

મુક્ત ગગનમાં મસ્ત બનીને

મહાલ , કે મંઝિલ દૂર નથી..

તારી હોડી તું જ હવે ,

હંકારી જાજે આગળ,

પાર તને એ કરશે તારી ,

મળી ભલી જે પળ;

આભા સુધી ઊડવાનો કરજે

ખ્યાલ, કે મંઝિલ દૂર નથી..

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## માનવ-દીપક

મારે માનવ – દીપક થાવું,
રે મારે માનવ – દીપક થાવું .

જીવન- જ્યોત સદાય જલાવી,
કોક ખૂણો અજવાળું;
જગનો કોક ખૂણો અજવાળુ;
અંધજનોને રાહ બતાવી- અથડાતાં અટકાવું,
રે મારે માનવ – દીપક થાવું .

વેર , ઝેર , હિંસા અસૂયાનું વધતું જ્યાં અંધારું ,
જગતમાં વધતું જ્યાં અંધારું
સત્ય, અહિંસા, શીલ, ત્યાગનું કરીશ હું અજવાળું,
રે મારે માનવ – દીપક થાવું .

ટમટમતો રહું દીપક વાંછા, નહીં સૂરજ શું થાવું ,
જગમાં નહીં સૂરજ શું થાવું ,
મૂક જલી રહી ગર્વહીન હું , મારું કામ બજાવું .
રે મારે માનવ – દીપક થાવું .

- રમણલાલ વ્યાસ

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# એક ઘા

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટ્યો તેને અરરર ! પડી ફાળ હૈયા મહીં તો !
રે રે લાગ્યો દિલ પર અને શ્વાસ રુંધાઇ જાતાં ,
નીચે આવ્યું તરું ઉપરથી પાંખ ઢીલી થતામાં
મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મારા જ થી આ,
પાણી છાંટ્યું દિલ ધડકતે, તોય ઊઠી શક્યું ના;
ક્યાંથી ઊઠે ? જખમ દિલનો ક્રુર હસ્તે કરેલો !
ક્યાંથી ઊઠે ? હૃદય કુમળું છેક તેનું અહોહો !
આ હા ! કિન્તું કળ ઊતરીને આંખ તો ઊઘડી એ
મૃત્યું થાશે ? જીવ ઊગરશે ? કોણ જાણી શકે એ ?
જીવ્યું આહા ! મધુર ગમતાં ગીત ગાવાં ફરીને,
આ વાડીનાં મધુર ફળને ચાખવાને ફરીને ,
રે રે ! કિન્તું ફરી કદી હવે પાસ મારી ન આવે,
આવે તોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને,
રે રે ! શ્રધ્ધાં ગત થઇ પછી કોઇ કાળે ન આવે,
લાગ્યાં ઘા ને વિસરી શકવા કાંઇ સામર્થ્ય ના છે.

કલાપી

# રે પંખીડાં

રે પંખીડાં ! સુખથી ચણજો , ગીત વા કાંઇ ગાજો,
શા ને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો ?
પાસે જેવી ચરતી હતી આ , ગાય તેવો જ હું છું ,
ના ના કો'દિ તમ શરીરને કાંઇ હાનિ કરું હું.
ના પાડી છે , તમ તરફ કૈં ફેંકવા માળીને મેં ,
ખુલ્લું મ્હારું ઉપવન સદા, પંખીડા સર્વને છે.
રે રે ! તોયે કુદરતી મળી ટેવ બીવા જનોથી,
છો બીતાં તો મુજથી પણ સૌ ક્ષેમ તેમાં જ માની.
જો ઊડો તો જરુર ડર છે, ક્રુર કો હસ્ત નો હા !
પાણો ફેંકે તમ તરફ રે ! ખેલ એ તો જનોનાં !
દુ:ખી છું કે કુદરત તણાં સામ્યનું ઐક્ય ત્યાગી,
રે રે ! સત્તા તમ પર જનો ભોગવે ક્રુર આવી.

-સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ.

'કલાપી'

લાલજીભાઇ પંચાલ હાથીપુરા.

અંધેરી નગરી (રાગ-ભુજંગી)

પુરી એક અંધેરીને ગંડું રાજા,
ટકે શેર ભાજી , ટકે શેર ખાજા;
બધી ચીજ વેચાય, ત્યાં ભાવ એકે,
કદી સારી બૂરી ન વેચે વિવેકે.

તહાં જૈ ચડ્યાં બે : ગુરુ એક ચેલો ,
ગયો ગામમાં માંગવા શિષ્ય પેલો ;
લીધી સુખડી હાટથી આપી આટો,
ગુરુ પાસ જૈને કહે ખૂબ ખાટ્યો !

ગુરુજી કહે રાત રે'વું ન આંહી,
સહું એક ભાવે મળે ચીજ જ્યાંહી;
કદી ગામ એવાં વિશે ના વસી જે,
ચલો સદ્ય ચેલાં ,જવું ગામ બીજે.

કહે શિષ્ય ' ખાવા-પીવા ખૂબ આંહી,'
તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી;
ગુરુએ બહું બોધ દીધો જ ખાસો,
નહિ યોગ્ય આંહી રહ્યે રાત વાસો.

ન માની કશી વાત તે શિષ્ય જ્યારે,
ગુરુજી તજીને ગયાં ગામ ત્યારે;
રહ્યાં શિષ્યજી તો ત્યાંહા દિન ઝાઝા,

લાલજીભાઈ પંચાલ. હાથીપુરા.

બહુ ખાઇ પીને થયાં ખૂબ તાજાં !

પછી થયાં તેહનાં હાલ કેવાં ?

કહું છું હવે હું સુણો સદ્ય તેવાં.

( દોહરો )

તસ્કર ખાતર પાડવા ગયા વણિકને દ્વાર

તહાં ભીત તૂટી પડી, ચોર દબાયા ચાર,

માત પ્રભાતે ચોરની ગઇ નૃપને ફરીયાદ,

શૂળી ઠરાવી શેઠને ડોસીની સુણી દાદ.

એવું ઘર કેવું ચણ્યું , ખૂન થયાં તે ઠાર !

રાતે ખાતર ખોદતાં ચોર દબાયાં ચાર !

વણિક કહે કડીયા તણો એમાં વાંક અપાર ,

ખરેખરી એમાં નથી મારી ખોડ લગાર !

કડિયાને શૂળી ઠરી, વણિક બચ્યો તે વાર,

ચૂક ગારો કરનારની કડિયે કરી ઉચ્ચાર !

ગારો કરનારો કહે, પાણી થયું વિશેષ ,

એ તો ચૂક પખાલીની મારી ચૂંક ન લેશ !

પુરપતિ કહે પખાલીને , જો તું શૂળીએ જાય ,

આજ પછી આ ગામમાં એવાં ગુના ન થાય !

મુલ્લાં નિસર્યા મારગે ,મેં જોયું તે દિશ,

પાણી અધિક તેથી પડ્યું, રાજા છાંડો રીસ !

મુલ્લાજીને મારવા , કરી એવો નિર્ધાર ,
શૂળી પાસે લઇ ગયાં મુલ્લાં ને તે વાર !
ફળ જાડું શૂળી તણું , મુલ્લાં પાતળે અંગ ,
એવી હકીકત ચાકરે જઇ કહી ભૂપ પ્રસંગ !

ભૂપ કહે શું હરઘડી પૂછોઆવી કોઇ ?
શોધી ચઢાવો શૂળીએ જાડા નરને જોઇ !
જોતાં જોતાં એ જડ્યો જોગી જાડે અંગ ,
બહુ દિન ખાઇને બન્યોરાતે માતે અંગ !

શિષ્ય મુદત માગી ગયો ગુરુપાસે પસ્તાય !
ગુરુએ આવી ઉગારિયો અદ્ભૂત કરી ઉપાય,
જોગી શૂળી પાસ જઇ કહે ભૂપ ! સુણ કાન !
આ અવસર શૂળીએ ચડે , વેગે મળે વિમાન!

ચેલો બોલ્યો હું ચડું ! એ ગુરુ કહે હું આપ !
અધિપતિ કહે , ચડીએ અમો ,પૂરણમળે પ્રતાપ ,
ગુરુ-ચેલાને ગામથી પહોંચાડ્યાં ગાઉં પાંચ,
રાજા શૂળી પર રહ્યો, અંગે વેઠી આંચ.

- કવિ દલપતરામ.

નાગદમણ

" જળકમળ છાંડી જાને બાળા,

સ્વામી અમારો જગશે ;

જાગશે , તને મારશે,

મને બાળ હત્યા લાગશે. જળ..

કહે રે બાળક તું મારગ ભૂલ્યો

કે તારા વેરીએ વળાવિયો ?

નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો ,

અહિંયા તે શીદ આવીયો ? " જળ...

" નથી નાગણ હું મારગ ભૂલ્યો ,

નથી મારા વેરીએ વળાવિયો .

મથુરા નગરીમાં જૂગટું રમતાં

નાગનું શીશ હું હારીયો. " જળ....

"રંગે રુડો રુપે પૂરો ,

દીસંતો કોડીલો કોડામણો;

તારી માતાએ કેટલાં જન્મ્યાં ?

તેમાં તું અળખામણો ? " જળ..

" મારી માતાએ બેઉ જનમ્યાં ,

તેમાં હું નટવર નાનડો

જગાડ તારા નાગને ,

મારું નામ કૃષ્ણ કાનડો." જળ...

એટલું મારા નાગથી છાનું

આપું તુજને ચોરિયો " જળ..

" શું કરું નાગણ હાર તારો,

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

શું કરું તારો દોરિયો ?

શાને કાજે નાગણ તારે ?

કરવી ઘરમાં ચોરિયો ? “ જળ..

ચરણ ચાંપી મૂંછ મરડી ,

નાગણે નાગ જગાડિયો ;

“ઊઠો ને બળવંત કોઇ

બારણે બાળક આવીયો. “ જળ..

બેઊં બળિયા બાથે વળગ્યાં,

કૃષ્ણે કાળી નાગ નાથીયો ;

સહસ્ત્ર ફેણાં ફૂંફવે

જેમ ગગન ગાજે હાથિયો. જળ....

નાગણ સૌ વિલાપ કરે જે ,

નાગને બહું દુ:ખ આપશે ;

મથુરા નગરીમાં લઇ જશે

પછી નાગનું શીશ કાપશે. જળ ....

બેઉ કર જોડી વિનવે સ્વામી !

મૂકો અમારાં કંથને ,

અમે અપરાધી કાંઇ ન સમજ્યાં ;

ન ઓળખ્યાં ભગવંતને “

થાળ ભરી શગ મોતીડે ,

શ્રી કૃષ્ણને રે વધાવિયો ;

નરસૈયાનાં નાથ પાસેથી

નાગણે નાગ છોડાવિયો. જળ...

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# કહેવતોની કવિતા

કદી ન કોઇની કરવી આશ,
પારકી આશ સદા નિરાશ.
આપ સમું ના એકેય  બળ,
મેઘ સમું ના કોઇ જળ.
બોલે એનાં ખપતાં બોર ,
ખાય મફતનું એ છે ચોર.
બોલી બગાડે એ અવગુણ,
નહિં બોલવામાં નવ ગુણ.
ખાડો ખોદે એ જ પડે છે,
જેવાથી તેવાય જડે છે.
ઘરડાં ગાડાં વાળે રાજ,
એમ બધાંની રાખે લાજ.
પહેલું સુખ નિરોગી જાત,
જેવો વિચાર એવી વાત.
અભણ આંધળું એક ગણાય,
બહેરાથી બહેરું કૂટાય.
કહેવત ડહાપણનો ભંડાર ,
હર કહેવતમાં ઊંડો સાર.

- કરશનદાસ લુહાર.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# શબરી

એક ભીલડીએ તપોવન સીંચ્યાં કે શબરી વનવાસી.
ડાળડાળે ફળફૂલ કંઇ હીંચ્યાં કે શબરી વનવાસી.

સર પંપાને કાંઠડે રહેતી , કે શબરી વનવાસી.
એ તો વાયરાને વાત કહેતી કે શબરી વનવાસી.

મારાં રામજી અયોધ્યાથી આવે કે શબરી વનવાસી.
એને કિયાં-કિયાં ફળ બહું ભાવે કે શબરી વનવાસી.

એણે તરું-તરું ભમી ફળ ચાખ્યાં કે શબરી વનવાસી.
મધમીઠાં તે વીણી-વીણી રાખ્યાં કે શબરી વનવાસી.

નીર પંપાનાં કેવાં તો ડહેક્યાં કે શબરી વનવાસી.
બધાં ધરતીનાં કણ-કણ મહેક્યાં કે શબરી વનવાસી.

ડાળ ઝાલીને દૂર-દૂર જોયું કે શબરી વનવાસી.
પછી હરખનું આસું એક લોહ્યું કે શબરી વનવાસી.

- અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## ના હઠવું

ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું;

વેણ કાઢ્યું કે ના લટવું ના લટવું.... ડગલું ભર્યું કે

સમજીને તો પગલું મૂકવું , મૂકીને ના બીવું,

જવાય જો નહીં આગળ તોયે ફરી ના પાછું લેવું ... ડગલું ભર્યું કે

સંકટ મોટું આવી પડતે મોઢું ન કરવું વીલું,

કળે-બળે ખૂબ લડવું પણ ના કરવું ફરવા ઊંચું.. ડગલું ભર્યું કે

જ્યાં ઊભા ત્યાં ચોંટી રહીને વચન લેવું સબળું,

આભ પડો કે પૃથ્વી ફાટો, તોય ન કરીએ નબળું.. ડગલું ભર્યું કે

ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીં મરશું,

પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું.. ડગલું ભર્યું કે

તજી હામને ઠામ મૂકવા ખૂણાં જે કો ખોળે ,

ધિક્ક કાયર તે અપજસરૂપી ખાળકૂંડીમાં બોળે.. ડગલું ભર્યું કે

નાસી જાતાં હસે શત્રુઓ સાથી ફિટ કહી કાઢે,

બીકણ બાયલાં નામર્દો એ નામ મળે ઉપાડે.. ડગલું ભર્યું કે

પોતાનો પસ્તાવો થાયે જખ મારી રે ભારે ,

મુઆ નહિ કાં કરી પરાક્રમ, રણે ઉઠાવ્યું જ્યારે.. ડગલું ભર્યું કે

શૂરવીર તે જશનો લોભી, હિંમત મદિરા પીએ,

ઉમંગથી તે ધસી વધેવા ખૂબ ટકાવી રાખે.. ડગલું ભર્યું કે

ભણી ગણી જન પુખ્ત વિચારે પાયો નાખે મજબૂત

કો કાળે પણ જસ મોટો લે નર્મદ કેરું સાબૂત.. ડગલું ભર્યું કે

- કવિ નર્મદ

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## પછી શું ?

ગજબ હાથે ગુજારીને, પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી, પછી નાસી ગયાથી શું ?

દુ:ખી વખતે નહિ દીધું, પછી ખોટી દયાથી શું ?
સુકાયા મોલ સૃષ્ટિનાં, પછી વૃષ્ટિ થયાથી શું ?

વિચાર્યું નહિ લઘુવયમાં, પછી વિદ્યા ભણ્યાથી શું ?
જગતમાં કોઇ નવ જાણે, જનેતાનાં જણ્યાથી શું ?

સમય પર લાભ આપ્યો નહિ, પછી તે ચાકરીથી શું ?
મળ્યું નહિ દૂધ મહિષીનું, પછી બાંધી-બાકરીથી શું ?

ન ખાધુ કે ન ખવડાવ્યું, દુ:ખી થઇને રળ્યાથી શું ?
કવિ પિંગળ કહે "પૈસા, મુઆ વખતે મળ્યાથી શું ?"

- પિંગળશીભાઇ નરેલા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## અષાઢી સાંજ

અષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે મેઘાડંબર ગાજે !

માતેલાં મોરલાનાં ટૌકા બોલે ,
ટૌકા બોલે ધીરી ઢેલડ ડોલે.

અષાઢી સાંજ....

ગરવા ગોવાળિયાનાં પાવા વાગે ,
પાવા વાગે સૂતી ગોપી જાગે.

અષાઢી સાંજ....

વીરાની વાડીઓમાં અમૃત રેલે ,
અમૃત રેલે ભાભી ઝરમર ઝીલે .

અષાઢી સાંજ....

ભાભીની રાતી ચોળ ચૂંદડ ભીંજે
ચૂંદડ ભીંજે , ખોળે બેટો રીઝે.

અષાઢી સાંજ....

- ઝવેરચંદ મેઘાણી.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

ધરતીનાં સાદ

એવાં આવે છે ધરતીનાં સાદ રે..

હાલો ભેરું ! ગામડે...

ભીની માટીની ગંધ આવે યાદ રે..

હાલો ભેરૂં ! ગામડે...

બોલાવે આજ એનાં ખુલ્લા આકાશ,

મીઠા પરોઢનાં અલબેલાં ઉજાસ ,

ઘેરા ઘમ્મર વલોણાનાં નાદ રે..

હાલો ભેરૂં ! ગામડે...

ચારીશું ગાવલડી ડુંગરનાં ઢાળે,

બાંધીશું હીંચકો વડલાની ડાળે.

મોર ગહેકે જ્યાં સરોવરની પાળ રે..

હાલો ભેરૂં ! ગામડે...

ગાઓ રે બંધવા ! ગામડાનાં ગીત,

યાદ કરો ભોળુડાં માનવીની પ્રીત,

જાણે જીંદગીનાં મીઠા નવનીત રે..

હાલો ભેરૂં ! ગામડે...

ખૂંદવાને સીમ ભાઇ ! ખેડવાને ખેતરો,

ભારતનાં ભાવીનાં કરવાં વાવેતરો,

હે જી કરવા માભોમને આબાદ રે..

હાલો ભેરૂં ! ગામડે...

- નાથાલાલ દવે.



લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

.

# હિંડોળો

સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો આંબાની ડાળ ,

રૂપાનાં કડલા ચાર, વા'લો મારો હીંચે હિંડોળે ..

આંબાની ડાળ....

બાયે બાજુબંધ બેરખા રે આંબાની ડાળ (૨)

કિનખાબી સુરવાલ વા'લો મારો હીંચે હિંડોળે ..

આંબાની ડાળ....

ચડવા તે ઘોડા હંસલા રે આંબાની ડાળ (૨)

પિત્તળિયા પલાણ વા'લો મારો હીંચે હિંડોળે ..

આંબાની ડાળ....

પગે રાઠોડી મોજડી રે આંબાની ડાળ (૨)

ચાલે ચટંકતી ચાલ , વા'લો મારો હીંચે હિંડોળે ..

આંબાની ડાળ....

માથે મેવાડી મોળિયા રે આંબાની ડાળ (૨)

દશે આંગળીએ વેઢ , વા'લો મારો હીંચે હિંડોળે ..

આંબાની ડાળ....

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

સમજણ તે આપણાં બે'ની..

તારી તે હોડીને મારાં હલેસા છે ,
દરિયો તે આપણાં બે'નો ;
તારી તે ગાડીને મારાં છે ઘોડલાં ,
રસ્તો તે આપણાં બે'નો ;
તારાં બળદને મારાં હળ લાકડાં
ખેતર તે આપણાં બે'નું ;
તારો તે ચાંદલોને મારો સૂરજ છે ,
આખું નભ આપણાં બે'નું ;
તારી તે વાટ અને મારું છે તેલ મહીં
જ્યોતિ તે આપણાં બે'ની ;
તારું છે ફૂલ અને મારું પતંગિયું ,
મધુરપ તે આપણાં બે'ની ;

- ચંદ્રકાન્ત શેઠ .

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

શેરીએ આવે સાદ

કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,
હાલ્યને આબા વાડીએ હજી પોરની તાજી યાદ.

પાદડુંયે નહિ પેખીએ એવો ,
ઝુલતો એનો મૉર ;
કોઇને મોટા મરવા અને ,
કોઇને છે અંકોર .
ડોલતી ડાળે ઘૂમીએ આપણ ગજવી ઘેરો નાદ ,
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,

ઘરનું નાનું આગણું ,
ગમે મોકડું મોટુ વન ;
કોઇનોયે રંજાડ નહિ ને ,
ખેલવાં મળે દન .
હાલિયે ભેરું કાયર જે કોઇ હોય તે રહે બાદ ;
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,

- રાજેન્દ્ર શાહ .

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# મેહુલો

આવ રે મેહુલા ! આવ ,

મેહુલા અષાઢનાં રે !

ઘેરી ઘેરી વાદળી જળે ભરી રે !

વરસી ઝરમર જાય ;

મેહુલા અષાઢનાં રે !

ઝબકે ઝબઝબ વીજળી રે !

વાદળ ઘમઘમ થાય ;

મેહુલા અષાઢનાં રે !

ખેતર ખેડૂત વાવશે રે !

કપાસને કણ થાય ;

મેહુલા અષાઢનાં રે !

- ત્રિભુવન વ્યાસ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ.......

કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ
કોયલ કૂંજે કૂ કૂ કૂ
ને ભમરા ગૂંજે ગું ગું ગું...... કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ..

ચકલાં ઉંદર ચૂં ચૂં ચૂં ને છછૂંદરોનું છૂં છૂં છૂં ,
કૂજનમાં શી કક્કાવારી ? હું કુદરતને પૂછું છું,
ઘુવડ સમા ઘુઘવાટા કરતો માનવ ઘૂરકે હું હું હું.. કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ..

લખપતિઓનાં લાખ નફામાં , સાચું ખોટું કરવું શું ?
ટંકટંકની રોટી માટે રંકજનોને રળવું શું ?
હરિ ભજે છે હોલો પેલો , પીડિતનો કે પરભુ તું ! પરભુ તું ! કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ..

સમાનતાનો સમય થયો ત્યાં ઊચું શું ને નીચું શું ?
ફૂલ્યાં ફાલ્યાં ફરી ફરો કાં ફણીધરો શાં ફૂં ફૂં ફૂં
થોભી જાતાં થાંથાં થૈ ને સમાજ કરશે થૂ થૂ થૂ.. કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ..

પરમેશ્વર તો પહેલું પૂછશે , કોઇનું સુખદુ:ખ પૂછ્યું'તું ?
દર્દભરી દુનિયામાં જઇને , કોઇનું આસું લુછ્યું'તું ?
ગેં ગેં ફેં ફેં કરતાં કહેશો હેં- હેં- હેં શું શું શું ? કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ..

- મીનપિયાસી

( દિનકરરાય કેશવલાલ ભટ્ટ )

## ફેરકુદરડી

અમે ફેરકુદરડી ફરતાં'તાં ,
અમે ગોળકુદરડી ફરતાં'તાં ,
ફેરકુદરડી ફરતાં ફરતાં ,
પડી જવાની કેવી મજા ! ભાઇ , પડી જવાની કેવી મજા !

અમે સાતતાળી રમતાં'તાં
અમે દોટંદોટી કરતાં'તાં ,
દોટંદોટી કરતાં કરતાં ,
પકડાઇ જવાની કેવી મજા ! ભાઇ , પકડાઇ જવાની કેવી મજા !

અમે આંબલી પીપળી રમતાં'તાં
અમે ઝાડેઝાડે ચડતાં'તાં ,
ઝાડેઝાડે ચડતાં ચડતાં ,
પડી જવાની કેવી મજા ! ભાઇ , પડી જવાની કેવી મજા !

અમે ઉંદર-બિલ્લી રમતાં'તાં ,
અમે ચૂં..ચૂં.. મ્યાઉં મ્યાઉં કરતાં'તાં ,
ચૂં..ચૂં.. મ્યાઉં મ્યાઉં કરતાં કરતાં ,
નાસી જવાની કેવી મજા ! ભાઇ , નાસી જવાની કેવી મજા !

અમે સંતાકૂકડી રમતાં'તાં ,
અમે સંતાકૂકડી રમતાં'તાં ,
સંતાકૂકડી રમતાં રમતાં ,
સંતાઇ જવાની કેવી મજા ! ભાઇ , સંતાઇ જવાની કેવી મજા !

- મૂળજીભાઇ ભક્ત

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# પિતા , અમે તુજ બાળકો.

પિતા , અમે તુજ બાળકો
ચલાવ ઝાલી હાથ ,
કર જોડી સૌ માંગીએ ,
નિત તારો સંગાથ .

જગમાં સૌ સુખિયાં હજો ,
સાજા રહો સદાય;
ભલું હજો સૌ કોઇનું ,
દુ:ખ હજો ન જરાય.

સુણીએ રૂડું કાનથી ;
રૂડું નીરખો નેણ;
હાથે રૂડાં કામ હો;
રૂડાં નીરખો વેણ.

- ઉમાશંકર જોષી.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## આવ્યો મેહુલો રે !

ઓતર ગાજ્યાંને દખ્ખણ વરસિયાં રે !
મેહુલે માડ્યાં મંડાણ ,
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

નદી સરોવર છલી વળ્યાં રે
માછલી કરે હિલોળ..
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

ખાડા-ખાબોચિયાં છલી વળ્યાં રે
ડેડકડી દેયે આશિષ...
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

ધોરીએ લીધાં ધુરી-ધોંસરાં રે
ખેડુંએ લીધી બેવડ રાશ..
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

ગાયે લીધાં ગાનાં વાછરું રે
અસતરીએ લીધાં નાના બાળ..
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

- લોકગીત

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

# ઊગ્યો ચબૂતરો

ચોકની વચ્ચે ઊગ્યો ચબૂતરો
પોપટિયાં પાન બે બેઠાં રે લોલ.

ફડફડતાં ફૂલ શાં કાબર કબૂતરાં
આભ લઇ ઊતર્યાં હેઠાં રે લોલ.

બખ્પોરી વેળને વડલાંની ડાળીએ
ઝોકે ચડેલ શ્હેજ દીઠી રે લોલ.

ગાયુનાં ધણની ઘંટડીનાં છાંયડે
ઊની આ લુચે મધ-મીઠી રે લોલ.

ઠાકર-દ્વારની રણઝણતી ઝાલરે
કલરવનો વાયરો  ઝીલ્યો રે લોલ.

અજવાળાં ઓસર્યાંને ટમક્યાં તારોડિયાં
પરિઓનો દેશ ક્યાંય ખીલ્યો રે લોલ.

- હરિકૃષ્ણ પાઠક.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## ચપટી વગાડતાં આવડી ગઇ .

બા , મને ચપટી વગાડતાં આવડી ગઇ.

મારી ચપટી વાગે છે , પટ્ટ પટ્ટ પટ્ટ .

જાણે ફૂટે બંધુકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ .

પેલી બિલ્લી ભાગે છે ઝટ્ટ ઝટ્ટ ઝટ્ટ .

બા , મને બિલ્લી ભગાડતાં આવડી ગઇ.

તું કપડાં ધુએ ભલે ધબ્બ ધબ્બ ધબ્બ .

હું પાણીમાં નહિ કરું છબ્બ છબ્બ છબ્બ .

મારી ચપટી ભીંજાઇ જાય ડબ્બ ડબ્બ ડબ્બ .

બા , મને મુન્ની રમાડતાં આવડી ગઇ .

બા, મને ચપટી વગાડતાં આવડી ગઇ.

\- રમેશ પારેખ.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## જશોદા તારા કાનુડાને.

ગોપી : જશોદા ! તારા કાનુડાને સાદ કરીને વાર રે;

આવડી ધૂમ મચાવે વ્રજમાં કોઇ નહિ પૂછણહાર રે. જશોદા....

શીકું તોડ્યું, ગોરસ ઢોળ્યું,ઉઘાડીને બાર રે;

માખન ખાધું, વેરી નાખ્યું, જાન કીધું આ વાર રે. જશોદા....

ખાંખાખોળા કરતો હીંડે, બીએ નહિ લગાર રે;

મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે! જશોદા...

વારે વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;

નિત ઉઠીને એટલું સહીએ રહેવું નગર મુઝાર રે ! જશોદા...

જશોદા : આડી- અવળી વાત તમારી, હું નહિ સાંભળનાર રે;

ડાહ્યો ડમરો લાડકો મારો, કદી ન એમ કરનાર રે.આડી-અવળી...

મારો કાનજી ઘરમાં હુતો, ક્યારે દીઠો બહાર રે?

દહીં દૂધનાં માટ ભર્યાં પણ ચાખે ન લગાર રે. આડી- અવળી...

શોર કરતી ભલી સહુ આવી , ટોળે વળી દશ-બાર રે?

નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે. આડી-અવળી...

\- નરસિંહ મહેતા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

## હિંદમાતાને સંબોધ

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન! સ્વીકાર જો અમારા !

હિંદુ અને મુસલમાન; વિશ્વાસી, પારસી જિન
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !

પોષો તમે સહુને, શુભ ખાન પાન બક્ષી;
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !

રોગી અને નિરોગી નિર્ધન અને તવંગર;
જ્ઞાની અને નિરક્ષર; સંતાન સૌ તમારાં !

વાલ્મિકી વ્યાસ નાનક મીરા કબીર તુલસી;
અકબર શિવાજી માત! સંતાન સૌ તમારાં !

સૌ ની સમાન માતા સૌએ સમાન તેથી;
ના ઉચ નીચ કોઇ સંતાન સૌ તમારાં !

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.

લાલજીભાઇ પંચાલ. હાથીપુરા.